# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ ૫૨ તારીખ: ૨૨/૩/૨૫

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

વરવો પેનલ્સ એલ.એલ.પી

પ્લોટ નંબર ૩૨૦

સેકટર ૧/એ

ગાંધીધામ

પીન નંબર ૩૭૦૨૦૧

મોબાઇલ નંબર ૯૯૨૫૨૨૨૧૭૫

વિષય:- વધારાના ભાવપત્રક ની રકમ રીફંડ આપવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૪/૦૦૦૨/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂ.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઇજનેર પીજીવીસીએલ વર્તુળ કચેરી અંજાર
રોટરી હોલની સામે અંજાર-કચ્છ

ઉપરોક્ત ચુકાદાની આપના સ્તરે કરવાની કાર્યવાહી નો અહેવાલ અત્રેની ફોરમ ને અચુક મોકલી આપવા વિનંતી

(૨) કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,
ભચાઉ રેલ્વે સ્ટેશન ની બાજુમાં ભચાઉ-કચ્છ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

Scanned with OKEN Scanner

# ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-004-002-2023-24**

મે.વરવો પેનલ્સ એલ એલ પી
ગામ: ચોપડવા ,તાભચાઉ -કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી એ સી.ઠક્કર કાર્યપાલક ઈજનેર શ્રી,
પીજીવીસીએલવિભાગીયકચેરી, ભચાઉ-કચ્છ...........સામાવાળા.

બાબત:- વધારાની Estimate ની રકમ રીફંડ કરવા અંગે...

અરજદારતરફે:- મે.વરવો પેનલ્સ એલ એલ પી વતી
(૧) કમલેશ ભાઇ વોરા (**Director)**
(૨) જયકુમાર લલીત ભાઇ વૈષ્ણવ

સામેવાળાનાતરફે:-
(૧) શ્રી એ સી ઠક્કર કાર્યપાલક ઈજનેરશ્રી ભચાઉ વિભાગીય કચેરી
(૨) શ્રી પી. વી. તડવી નાયબ ઇજનેર ભચાઉ વિભાગીય કચેરી

કોરમ:
(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(૩) આર.સી. પટેલ - મેમ્બર (ટેક)

(૧) સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ
તા.: ૨૩/૦૨/૨૦૨૪
(૨) સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વિભાગીય કચેરી ભચાઉ
તા. ૧૬/૦૩/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓને ગામ ચોપડવાના સર્વે નં.૨૭૦/૨,૨૭૧ અને ૨૭૧/૦૧ માં 3000 કે.વી.એ.ના નવા ઔદ્યોગિક વીજ જોડાણની જરૂરીયાત હોતા તેઓએ પીજીવીસીએલ ની ભચાઉ વિભાગીય કચેરીને તા.૧૧/૦૫/૨૦૨૨ના અરજી કરેલ જેના અનુસંધાને તેઓને તા.૧૩/૧૦/૨૦૨૨ના અંદાજપત્ર આપવામાં આવેલ.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓને આપવામાં આવેલ તા.૧૩/૧૦/૨૦૨૨ના અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે તેઓને અલગ સેપરેટ ફીડર પ્રપોઝ કરવામાં આવેલ અને જે સેપરેટ ફીડર માટે અન્ડરગ્રાઉન્ડ કેબલ તેમજ અન્ય માલસામાનની એસ્ટીમેન્ટ-એમાં દર્શાવેલ રકમ રૂ.૪૦,૦૨,૦૭૧/-ભરપાઈ કરેલ હતી.

૩. અરજદારશ્રી ના જણાવ્યા અનુસાર તા.૦૨/૦૫/૨૦૨૩ના પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા રિવાઇઝડ એસ્ટીમેન્ટ-બી રૂ.૨૦,૨૭,૧૦૩/-આપવામાં આવેલ જેનું તેઓને જણાવવામાં આવેલ કે ઉક્ત એસ્ટીમેન્ટ-એ માં ભૂલ ભરેલ લાઈન ની રકમ હતી અને રિવાઇઝડ એસ્ટીમેટનું પેમેન્ટ કર્યા બાદ જ તેઓને પાવર સપ્લાય ચાલુકરવામાં આવશે.

૪. અરજદારશ્રીના જણાવ્યાઅનુસાર Dismantling charge માટે તેઓને જે રકમ ભરપાઈ કરવા જણાવવામાં આવેલ બાદમાં તે રકમ પરત મળી જશે તેવું મોખિક જણાવવામાં આવેલ.ઉક્ત એસ્ટીમેન્ટ-એમાં જે અન્ડરગ્રાઉન્ડ કેબલ તેમજ અન્ય માલસામાન માટે ખર્ચ કરેલ પરંતુ તેમાંથી તેઓને લાઈન મળેલ ન હોઈ સદર રકમ રીફંડ મળવાપાત્ર થાય છે તેમજ વધારામાં જણાવેલ કે Dismantlingમાં માત્ર થાંભલા જ લગાડવા આવેલ કોઈ પણ વાયરીંગ કરવામાં આવેલ ન હતું તેમ છતાં Dismantling chargeની રકમ તેઓ પાસેથી વસુલવામાં આવેલ.આમ,લાઈન ચેન્જ થયેલ હોઈ Dismantling chargeના પણ રીફંડ મળવાપાત્ર થાય છે.

૫. આમ,અરજદારશ્રી દ્વારાઅન્ડરગ્રાઉન્ડ કેબલ તેમજ અન્ય માલસામાનની એસ્ટીમેન્ટ-એ માં દર્શાવેલ રકમ રૂ.૪૦,૦૨,૦૭૧/-તેમજ રિવાઇઝડ એસ્ટીમેન્ટ-બીમાં Dismantling chargeની રકમ રૂ.૧૦,૨૧,૦૮૩/- કુલ્લ રૂ.૫૦,૨૩,૧૫૪/- રીફંડ મેળવવા વિભાગીય તેમજ વર્તુળ કચેરીને રજૂઆતકરેલ પરન્તુ આજદીન સુધી રકમ રીફંડ મળેલ નથી આથી રકમ પરત મળવા યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.

૬. પીજીવીસીએલ ની ભચાઉ વિભાગીય કચેરી ખાતે મે. વરવો પેનલ્સ એલ.એલ.પી. દ્વારા ૩૦૦૦ કે.વી.એ ભારે દબાણ માટે નવીન વીજ જોડાણની અરજી તા.૧૬/૦૯/૨૦૨૨ના નોંધાયેલ જેની મંજુરી મળ્યા બાદ ભચાઉ વિભાગીય કચેરીએ તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને અંદાજપત્ર પાઠવવામાં આવેલ જેમાં PER KVA FIXED COST IN RS.54,00,000/- LINE CHARGES IN RS.40,02,071/- TOTAL ESTIMATE CHARGES IN RS.94,02,071/- SECURITY DEPOSIT IN RS.1,57,88,418/-(FCA 260 PAISA) PRORATEA CHARGE @ 1420 PER KVA (GETCO CHARGES)42,60,000/- TOTAL ESTIMATE CHARGES IN RS.(PGVCL + GETCO) 2,94,50,491/-આપવામાં આવેલ હતું.

૭. અરજદારશ્રીને પાઠવવામાં આવેલઅંદાજપત્રતેઓ દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૨ના રોજ ભરપાઈ થતાં વીજ જોડાણની કામગીરી શરૂ કરેલ જેમાં ટોટલ લાઈનકામ ૨.૫ કી.મી.અન્ડરગ્રાઉન્ડ અને ૫.૫ કી.મી.ઓવરહેડ લાઈનકામ સામેલ છે.ઓવરહેડ નું કામ પૂર્ણ થયેલ પરંતુ અન્ડરગ્રાઉન્ડ લાઈનના કામમાં સદર રોડની પહોળાઈ વધારવાની હોતા સરકારશ્રી તરફથી રોડ ખોદવાની પરવાનગી આપવામાં આવેલ ન હોવાથી રોડની બાજુમાં કામગીરીથી પાસે આવેલ ખેતરમાં પાક હોઈ ખેડૂતોએ વાંધો લેતા કામગીરી અટકાવેલ જેના સંદર્ભે જીલ્લા મેજિસ્ટ્રેટને માહિતગાર કરેલ પરંતુ તેઓશ્રીનો નિર્ણય મળેલ ન હતો જે બાબતે મે.વરવો પેનલ્સ એલ.એલ.પી.ને માહિતગાર કરેલ છે.

૮. ઉપરોક્ત કારણો સદર ભારે દબાણ નવીન વીજ જોડાણનું રી-સર્વે કરવાની ફરજ પડેલ હતી અને તે મુજબ નિગમિત કચેરીની પરવાનગીથી રિવાઇઝડ અંદાજપત્ર તા.૦૧/૦૫/૨૦૨૩ના આપવામાં આવેલ જેમાં નવી security deposit Rs.1,67,94,438/- (FCA 310 Paisa) થાય છે જયારે જૂની security deposit Rs.1,57,88,418/- (FCA 260 Paisa)થાય જેનો તફાવત .૧૦,૦૬,૦૨૦/-ગ્રાહકશ્રી પાસેથી ભરપાઈ કરવેલ છે તેમજ ૫.૫ કી.મી.ઓવરહેડ લાઈન અગાઉની મંજુરી મુજબ તેમજ રિવાઇઝમંજુરી મજુબ ૧.૫ કી.મી.ની ઓવરહેડ લાઇનનો ચાર્જ ઉભી કરવાનો તેમજ ડીસમેન્ટલીંગનો ચાર્જ અરજદાર પાસેથી ઓવર એન્ડ એબોવ ફિક્સ ચાર્જ વીથ ક્રેડીટ ઓફ મટેરિયલ કોસ્ટ (ઈરેક્ટેડ ૧.૫ કી.મી.ડોગ કંડકટર) અને બેલેન્સ ઓફ રીમેનીંગ લાઈન ચાર્જ રૂપિયા ફાઈનલ એચ.ટી.જોબ બીલમાં એડજસ્ટ કરવાની મંજુરી સાથે રૂ૧૦,૨૧,૦૮૩/- ભરપાઈ કરાવેલ છે.

૯. આમ,સદર વીજ જોડાણનું ફાઈનલ એચટી. જોબ બીલ મંજુરી માટે વડી કચેરીને મોકલાવેલ છે જેની મંજુરી આવતા ગ્રાહકશ્રીને સદર વીજ જોડાણમાં વધારાની ભાવપત્રકની રકમ રીફંડ કરી આપવામાં આવશે.

૧૦ વધુ માં તારીખ ૨૩/૦૨/૨૦૨૪ ની ફોરમ ની મીટીંગમા ઉપરોકત એચ.ટી. ક્નેકશન રીલીઝ કરવા માટે પીજીવીસીએલ ને ખરેખરે કેટલી લાઇન ઉભી કરવી પડી અને કેટલી

લાઇન નુ (Conversion) કરવુ પડયુ એમનુ જરુરી નક્સાઓ અને(inventory move order ,gate pass) વગરી સાથે અહેવાલ માંગવામાં આવતા પીજીવીસીએલ તરફથી તારીખ ૦૭.03/૨૦૨૪ ના રોજ ઉપરોકત અહેવાલ રજુ કરવામાં આવેલ જે મુજબ ઉપરોકત એચ.ટી. કનેકશન રીલીઝ કરવા માટે નીચે મુજબ નુ વર્ક પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ

| Sr No | work |
|---|---|
| 1 | 3.477 K. M. conversion 34sqmm2 to 100 sqmm2 Dog |
| 2 | 1 K.M. HT ABC 70mm2 cable |
| 3 | 4 K.M.11 kv Line with 100 mm2 Dog |
| 4 | 1.5 km line dismetal line (Dog conductor) |

૧૧. તારીખ ૧૬/03/૨૦૨૪ ની ફોરમ ની મીટીંગમા ઉપરોક્ત મુદા નંબર ૧૦ પ્રમાણે ની લાઇન વર્કની કામગીરી બાબતે અરજદારે સદરહુ કામગીરી થયેલ નથી અને એમની સામે વાંધો ઉઠાવતા ફોરમ દ્વારા સદરહુ એચ.ટી. કનેકશનની જગ્યા એ પીજીવીસીએલ ના અધિકારી અને અરજદાર સાથે સ્થળ મુલાકાત લેવડાવતા પીજીવીસીએલ દ્વારા 34 MM to 100 MM dog conductor conversation માં અંદાજીત ૧૫ જેટલા ગાળાનુ અને Dismantling work માં અંદાજીત 30 પોલ નુ કામ બાકી છે એમ પીજીવીસીએલ દ્વારા કબુલ થયેલ છે.

## ફોરમ નુ તારણ

૧૨. બંને પક્ષકારોની રજૂઆત જોતા ઉપરોક્ત ફરિયાદ ફરિયાદી ને આપવામાં આવેલ તા.૧૩/૧૦/૨૨ના પ્રથમ અંદાજપત્રકમાં દર્શાવેલ લાઈન વર્ક યોગ્ય“way clearance” ન મળવાને કારણે સદરહુ અંદાજપત્રકમાં દર્શાવેલ વર્ક ન થતાં અને તે માટે અરજદારનેStop Gap માં અન્ય સ્ત્રોત માંથી પાવર સપ્લાય આપવા માટે આપવામાં આવેલ તારીખ ૦૨/૦૫/૨૩ના રોજ રી-વાઈઝડ અંદાજપત્રક જેમાં પીજીવીસીએલ તરફથી ૧.૫ કી.મી.લાઈન જે અગાઉના અંદાજપત્રક મુજબ ઉભી કરવામાં આવેલ તેનો ઉપયોગ ન થતાં જે લાઈન “Dismantle” કરવા માટે રૂ.૧૦,૨૧,૦૮૩/-જે ભરાવવામાં આવેલ છે તે બંનેઅંદાજપત્રો સામે ફરિયાદીએ વાંધો લીધેલ છે અને રીફંડની માંગણી કરેલ છે એ બાબતની ફરિયાદ ઉદભવી છે.

૧૩. પીજીવીસીએલ તરફથી સદરહુ વીજ કનેક્શન આપવા માટે જે ૨.૫ કી.મી. અન્ડર ગ્રાઉન્ડ લાઈન નાખવા માટે રોડ ખોદવો પડે તેમ હતો જેની સરકારશ્રી દ્વારા પરવાનગી ન મળતા અને સદર રોડની બાજુમાં ખેતરમાં એરંડા અને રાયડાનો પાક ઉભો હોઈ ખેડૂતો દ્વારા વાંધો ઉઠાવતા સદરહુ ૨.૫ કી.મી.અન્ડરગ્રાઉન્ડ લાઈનનું કામ થઇ શકેલ નથી.

૧૪. ઉપરોક્ત બાબતની પીજીવીસીએલ દ્વારા અરજદારને જાણ કરવામાં આવેલ અને અરજદાર દ્વારા તા.૦૫/૦૪/૨૦૨૩ ની અરજી થી આ બાબતે અન્ય લાઈનો માંથી સર્વે કરીને પાવર આપવાની વ્યવસ્થા કરવા અને અંદાજપત્રમાં વધઘટ થશે એ ભરપાઈ કરવા સંમતી આપેલ છે.

Scanned with OKEN Scanner

૧૫. આમ, યોગ્ય "way clearance" ન મળવાથી જે પીજીવીસીએલ દ્વારા અરજદારને અન્ય વ્યવસ્થામાંથી પાવર સપ્લાય આપવામાં આવેલ છે તે માટે પીજીવીસીએલને જવાબદાર ઠેરવી શકાય નહી.કારણકે GERC Supply Code 4.15ની કલમ 4.27(4) "The Distribution Licensee shall obtain the necessary way leaves and permissions for laying down the service lines for the supply of power. The applicant shall fully co-operate with the Distribution Licensee in obtaining such necessary way leaves and permissions. However, where the consumer has no frontage abutting a public street and where the service line has necessarily to cross over or go under other property, the consumer shall obtain the necessary way leave and permission at his own expense and continue them as long as supply is to be maintained.
આમ, ઉપરોક્ત બાબતે જરૂરી વૈકલ્પિક વ્યવસ્થા ગ્રાહકે પોતાના ખર્ચે કરવાની હોય છે.

૧૬. પીજીવીસીએલ દ્વારા જે ૫.૫ કી.મી.લાઈન પ્રથમ ઉભી કરવામાં આવેલ એ માટે કંપનીના પરિપત્ર નંબર GUVNL/Tech-2/DE1/HT per KVA cost/1548 dt.6/8/2020 જેમા નીચે મુજબની જોગવાઇ છે.

**"GERC has approach the record of per KVA based estimate charge of 11 KV/22 KV new HT connection up to 5.5 K.M. line length for overhead network as order "The rate 1800 per KVA above 500KVA connection**. જે અનુસાર પીજીવીસીએલ દ્વારા અરજદાર પાસેથી નીચે મુજબની રીતે કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧૭. ઉપરોક્ત પરિપત્ર મુજબ અરજદાર પાસેથી પીજીવીસીએલે રૂ.૧૮૦૦*3000(કેવીએ) = 54,00,000/- કુલ્લ ૫.૫ કી.મી. લાઇન ઉભી કરવા માટે પહેલે થી વસુલ કરેલ હોઈ ઉપરોક્ત લાઈન પૈકી ૧.૫ કી.મી. લાઇન Erection/ Dismantle માટે .૧૦,૨૧,૦૮૩/- વસુલવામાં આવેલ છે.જે યોગ્ય નથી.ઉપરોક્ત ૧.૫ કિ.મી. "Dismantling" માટે માં લેબર ચાર્જ અને જે લાઈન મટેરિયલ્સ રી-યુઝ થઇ શકે એમ નથી એમના ચાર્જ વસુલવા પાત્ર થાય બાકીની રકમ અરજદારને રીફંડ આપવાપાત્ર થાય છે.

૧૮. પીજીવીસીએલ દ્વારા મુદા નંબર૧૦ મુજબ તારીખ ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આ વીજ જોડાણ ના કામકાજ માટે જે તાત્રિક મંજુરી ના અનુસંધાને જે કાર્યવાહી કરવામાં આવેલછે.તેની વિગતો રજુ કરેલ છે અને ફાયનલ બીલ પણ મંજુરી અર્થે ઉપલી કચેરી ખાતે મોકલી આપેલ હોવાની વિગતો જણાવે છે પંરતુ આજરોજ તારીખ૧૬/03/૨૦૨૪ ના રોજ સ્થળ ચકાસણી કરાવતા ઉપરોકત મુદા નંબર(૧૧) મુજબ ની કામગીરી બાકી હોવાનુ સાબિત થાય છે આમ પીજીવીસીએલ દ્વારા લાઇનકામ બાકી રાખવાના કારણે ગ્રાહક ને અસંતોષ હોવાના કારણે ફરિયાદ ઉદભવેલ હોવાનુ ફોરમ નું તારણ છે.

આ બાબતે પીજીવીસીએલ ને તાકીદ કરવામાં આવે છે કે આ કિસ્સામાં તારીખ ૦૪/૦૫/૨૦૨૩ ના રોજ વીજ જોડાણ રીલીઝ કર્યા બાદ હજુ સુધી લાઇન નુ કામકાજ પૂર્ણ કરવા માટે પગલા લેવામાં આવેલ નથી અને HT bill finalization કરવામાં આવેલ છે. તે ખૂબજ ગંભીર બાબત છે પીજીવીસીએલ વર્તુળ કચેરી જામનગર દ્વારા આ બાબતે આગળ ની તપાસણી કરવી જરુરી છે.



Scanned with OKEN Scanner

વિશેષ માં વિભાગીય કચેરી ભચાઉને આ કિસ્સામાં બાકી રહેતી કામગીરી દિવસ-30 માં પૂર્ણ કરવાની સુચના આપવામાં આવે છે અને ઉપરોક્તમુદા નંબર (૧૭) મુજબની રકમ લાઇનની કામગીરી પૂર્ણ થયેથી રીફંડ કરવાની કાર્યવાહી પણ તાત્કાલીક કરવાની રહેશે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

- ઉપરોક્ત ફોરમ ના તારણ ક્રમ નંબર૧૭ અને ૧૮ મુજબ હુકમ કરવામાં આવે છે.
- ઉપરોકત હુક્મ ના અમલવારી નો રીપોર્ટ દિવસ-30 માં કરવો
- ફરીયાદી ની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી
- આ હુકમ આજરોજ ૧૬/03/૨૦૨૪ ના જાહેર કરેલ

| (આર.જી.કુંપાવત) | (આર.સી.પટેલ ) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

**ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ**

**નોંધ:**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫

Scanned with OKEN Scanner